આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૯૦ | ૧૦ જૂન, ૨૦૧૩, સોમવાર; જયેષ્ઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જગતમાં આજ સુધી સારૂં યુદ્ધ અને ખરાબ શાંતિ ક્યારેય થયા નથી
- ફ્રેંકલીન

આજથી શૈક્ષણિક સત્રનો પ્રારંભ

સમર વેકેશન બાદ ઉઘડતા શિક્ષણસત્રએ શાળાએ જવા વિદ્યાર્થીઓ ઉત્સુક : શહેરનું જનજીવન પણ ધબકતું થશે

ગાંધીનગર, તા.૯

આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતા શહેરની શાળા-કોલેજોના સંકુલમાં વિદ્યાર્થીઓનો ધમધમાટ જોવા મળશે. ઉનાળુ વેકેશન બાદ શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ઉત્સાહ જોવા મળે છે. વેકેશનમાં ખાલીખમ ભાસતા શહેરના માર્ગો હવે સ્કુલ યુનિફોર્મમાં સજ્જ સ્ટુડન્ટસની અવર જવરથી ધબકતા થશે. નવા શૈક્ષણિક સત્રના ઓવારણા લેવા શહેરની વિવિધ શાળાના સંચાલકો અને શિક્ષકો પણ ઉત્સુક છે.

દોઢ મહિનાના લાંબા ઉનાળુ વેકેશનમાં મજા લીધા બાદ હવે વિદ્યાર્થીઓએ ફરી પાછા સ્કુલબેગ સાથે શાળામાં જવાનો સમય આવી ગયો છે. લાંબા સમર વેકેશનમાં મોજ કર્યા પછી નાના ભૂલકાંઓ શાળાના પગથિયા ચઢતા ક્યારેક રડતા ચહેરે જોવા મળે છે. એક બાજુ આગામી તા. ૧૩મીથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ પણ નિયત કરી દેવાયો છે. શાળા પ્રવેશોત્સવને અનુલક્ષી જિલ્લા તંત્રએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. પ્રવેશોત્સવ માટે જિલ્લા તંત્રએ ૪૧ જેટલા રૂટ તૈયાર કર્યા છે. ગ્રીન સ્કુલ, સ્માર્ટ સ્કુલ તેમજ સ્માર્ટ કલાસની યોજનાઓનો અમલ કરવા પ્રવેશોત્સવની તૈયારીઓને વેગ આપવામાં આવ્યો છે. ગત શૈક્ષણિક સત્રના અંતે ભણતરના ભારમાંથી થોડા દિવસો હળવા થયેલા વિદ્યાર્થીઓ પુરતું વેકેશન ભોગવી પાછા સ્કુલે ફરવા સજ્જ થઈ ગયા છે. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. શાળા શરૂ થતા પૂર્વે વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ ખૂબ તૈયારીમાં વ્યસ્ત છે. સ્કુલબેગ અને નોટબુક સહીતની જરુરી ચીજવસ્તુઓ ખરીદવા બજારમાં પણ વાલીઓની ભીડ જોવા મળે છે. શહેરમાં ઉનાળુ વેકેશન દરમિયાન ટુર પર જતા પરીવારજનોની સંખ્યા વિશેષ હોવાથી સેકટરો વેકેશનની અસરથી પ્રાભાવિત જોવા મળ્યા હતા જયારે સોમવારથી શાળા-કોલેજો શરુ થતા શહેરના જનજીવનમાં પણ અનોખું ચેતન જોવા મળશે. સમર વેકેશન બાદ 'ચલો સ્કુલ ચલે હમ'ના ઉમંગ-ઉત્સાહ વચ્ચે આજથી નવા શૈક્ષણિક સત્રના વધામણા થશે. શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો આગામી તા. ૧૩ જૂનથી શરૂ થનાર છે જયારે ધો-૧૦નું પરિણામ પણ તા. ૧૩ જૂનના રોજ જાહેર થશે. જેથી ધો-૧૧ની પ્રવેશ કાર્યવાહી પણ ગુરુવાર પછી હાથ ધરાશે.

ફુલોની નગરી - ગાંધીનગરને નવી નવી અનેક ઓળખ મળતી રહી છે.... ગ્રીનસીટીની સાથે સાથે રંગબેરંગી ફુલો - નયનરમ્ય પ્રકૃતિ દૃશ્ય નિર્માણ કરે છે અને એટલે ફુલોની નગરી તરીકે પણ ઓળખ મળી છે... ગુલમહોર, ગરમાળા ઉપરાંત ગાંધીનગરના માર્ગોના સાઈડ પ્લાન્ટેશનમાં વિવિધ રંગના ફુલ-છોડ રોપવાનું આયોજન વર્ષો પહેલા થયું હતું અને એનું પરિણામ દૃશ્યમાન થાય છે.... (તસવીર : દિપક જાની)

વિધાનસભાની ફાયર સિસ્ટમનું અપગ્રેડેશન

કામગીરીનો કરાયેલો આરંભ : ઓટો સ્પ્રીંકલર ફાયર સિસ્ટમની સાથે સાથે એલાર્મ ફાયર સિસ્ટમ લગાવવામાં આવશે : ૧ લાખ લીટર પાણીની ક્ષમતા ધરાવતો સંપ પણ બનાવાશે

ગાંધીનગર, તા. ૯

રાજ્ય વિધાનસભાગૃહમાં હવે અદ્યતન ફાયર સિસ્ટમ લગાવવાની સાથે સાથે હાલની ફાયર સિસ્ટમનું પણ અપગ્રેડેશન રૂ. એક કરોડના ખર્ચે કરવામાં આવશે.

વિધાનસભાગૃહમાં ફાયર સિસ્ટમનું અપગ્રેડેશન કરવા માટેનો નિર્ણય અગાઉ કરવામાં આવ્યો હતો પરંતુ આ પછી સ્વર્ણિમ સંકુલનું બાંધકામ હાથ પર લેવામાં આવતાં હવે આ નિર્ણયનું અમલીકરણ થઈ રહ્યું છે. આ માટેના ટેન્ડરને મંજૂરી પણ અપાઈ ગઈ છે. મળતી વિગતો પ્રમાણે ૧૫૦૦ મીટરથી પણ વધુ પાઈપલાઈનનું નેટવર્ક ઉભુ કરવાની સાથે સાથે ફાયર એસ્ટીંગ્યુશર જે હાલ સંખ્યા છે તેમાં ૫૦ જેટલા નવા લગાવવામાં આવશે. આ માટેના વર્કઓર્ડર પણ અપાઈ ચુક્યા છે. પાઈપલાઈનનું નેટવર્ક ઉભુ કરવાની કામગીરી એકાદ બે સપ્તાહમાં હાથ ધરવામાં આવશે.

સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિધાનસભા સંકુલના ભોંયતળિયે ફાયર સિસ્ટમ માટે ૧ લાખ લીટરનો એક વિશેષ સંપ પણ બનાવવામાં આવશે. જેથી પાણી માટેની કોઈ તકલીફો ઉભી ના થાય અને ઝડપથી હોનારત પર કાબુ મેળવી શકાય.

વર્તમાન ફાયર સિસ્ટમના અપગ્રેડેશનમાં ફાયર એલાર્મ સિસ્ટમ લગાડવામાં પણ આવનાર છે.

ભોંયતળિયે ઓટો સ્પ્રીંકલર ફાયર સિસ્ટમ લગાવવામાં આવશે. જે કદાચ આખા રાજ્યમાં સૌથી પ્રથમ હશે. આ સિસ્ટમને તદ્દન અદ્યતન ફાયર સિસ્ટમ તરીકે લેખવામાં આવી રહી છે. જેમાં આગની ગંધ આવતાંજ આ ઓટો સ્પ્રીંકલરના સિલ ખુલી જાય છે અને પાણીનો મારો તેમાંથી આપમેળે જ ચાલુ થઈ જતો હોય છે. આ માટે ભોંયતળિયે વિશેષ પાઈપલાઈનનું નેટવર્ક ઉભુ કરવામાં આવશે. આ માટે પાર્કિંગ સહિતના વિસ્તારને આવરી લેવામાં આવશે. વિધાનસભા સંકુલમાં ફાયર સિસ્ટમના અપગ્રેડેશન અને આધુનિકરણનું કામ બે અલગ અલગ તબક્કામાં હાથ ધરવામાં આવશે. આ માટેનું સંપૂર્ણ આયોજન તૈયાર થઈ ચુકવાનું જાણવા મળેલ છે.